**Employment Notice No.GAD/NT/GIA/EmpNotice/25862 /2025, Date: 26/09/2025 માં દર્શાવેલ ક્રમ ૦૧ ની જગ્યા માટેની પરીક્ષા પધ્ધતિ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.**

**A.** પરીક્ષા પદ્ધતિ:-

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ભરત/ ૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

Part – A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | 30 |
| ૨ | ગાણિતીક કસોટીઓ | 30 |
| **કુલગુણ** | | ૬૦ |

Part - B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | 30 |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| **કુલગુણ** | | ૧૫૦ |

નોંધઃ અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૧) Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ 3 કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૨) Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.

(3) સ્પર્ધાત્મક પરીક્ષાના Part-A માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

(૪) Part-A અને Part-B માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના ૧૫ (પંદર) ગણા ઉમેદવારોની પ્રમાણપત્રોની ચકાસણીની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ તેઓને રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યૂ) માટે યુનિવર્સિટી દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે. ઉમેદવારની પસંદગી માટે Part-A અને Part-B ની પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫૦ ટકા અને UGC Regulation-2018 Table -3A પૈકી A૧ અને A૨ માં મેળવેલ કુલ ગુણનાં ૨૫ ટકા અને રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યૂ) અંતર્ગત UGC Regulation-2018 Table -3A પૈકી B અને C નાં ૨૫ ટકા Score ગણીને મેરીટ લીસ્ટ તૈયાર કરવાનું રહેશે.

(૫) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે યુનિવર્સિટી ધ્વારા તે સંવર્ગની MCQ પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા ગુજરાતી માધ્યમમાં લેવામાં આવશે.

(૬) M.C.Q. પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના 1/4 માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૭) કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

**B. સામાન્ય શરતો:-**

i. જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

ii. અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ. પરંતુ પરીક્ષા ફી માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ પોતાની જાતિ-વર્ગ દર્શાવવાનો રહેશે. અન્યથા બિન-અનામત વર્ગ માટે નિયત કરવામાં આવેલ પરીક્ષા ફી ભરવાની રહેશે.

iii. બિનઅનામત તથા અનામત વર્ગોના ઉમેદવારોને વયમર્યાદા અંગે બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ નીચે દર્શાવ્યા મુજબના કોષ્ટક અનુસાર વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વય મર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારોને (૫+૧૦=૧૫) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫+૧૦+૫=૨૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

iv. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે.

v. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭-૦૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) ના નમુનામાં તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨-૦૬-૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ ની જોગવાઈ અનુસાર અરજી કરવાની છેલ્લી તા.૩૦-૧૦-૨૦૨૫ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ-૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

vi. આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫-૦૧-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના Annexure - KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ-ગ (ગુજરાતી) નમૂનામાં તા.૩૦-૧૦-૨૦૨૫ સુધીમાં મેળવેલ હોવું જોઇશે અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩-૦૯-૨૦૧૯ ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અની જોગવાઈ મુજબ તા.૩૦-૧૦-૨૦૨૫ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ-૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ Annexure- KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ-ગ ના નિયત નમુનામાં (ગુજરાતી) આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

vii. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા- પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે.

viii. જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર યુનિવર્સિટી દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

ix. ઉમેદવારે અરજીમાં જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. તેથી, જો કોઇ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાના નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યૂ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે.

x. એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો-ખેલકુદમાં (1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫-૦૨-૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/ ૧૦૭૭/૨૬૬૦/ગ.ર તથા તા.૦૧-૦૮-૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.ર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થાય છે.

xi. વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૦૫-૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં મહિલા ઉમેદવાર વિધવા હોય તો તેણીએ અરજી ફોર્મમાં તે દર્શાવવાનું રહેશે અને અરજીમાં દર્શાવેલ હોય તે જ મહિલા વિધવા ઉમેદવારને તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઇએ અને તે અંગે યુનિવર્સિટી માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

xii. યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે યુનિવર્સિટીની વેબસાઈટ સતત જોતા રહેવું.

**C. સામાન્ય સુચનાઓ:-**

(૧) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબકકે “રદ” ગણવામાં આવશે.

(૨) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

(3) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં યુનિવર્સિટી તરફથી આ પરીક્ષાને સબંધિત જરૂરી સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ

પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો અરજદારના હિતમાં છે.

(૪) યુનિવર્સિટી જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, યુનિવર્સિટીના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે યુનિવર્સિટીએ રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષતિ હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) યુનિવર્સિટી, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (ખ)(૨) યુનિવર્સિટી પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી યુનિવર્સિટી દ્વારા "રદ" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, યુનિવર્સિટી દ્વારા કોઈપણ તબકકે "રદ" કરવામાં આવશે.

(૬) યુનિવર્સિટી દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે

(૭) યુનિવર્સિટી નિયત કરે તે શરતોને આધિન પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક મળવાપાત્ર થશે.

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, યુનિવર્સિટીને એવી ખાતરી થાય કે યુનિવર્સિટીની સેવા માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે યુનિવર્સિટીના નિયમો (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**D.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**=====xxxx=======xxxx=======xxxx========xxxx=======xxxx=====xxxx====**